રમેશ ઠક્કર

નમસ્કાર ગાંધીનગર

પમરાટ

પ્રેમ ભરેલો કાગળ લખજે,
કેવી છે ત્યાં ઝાકળ લખજે.
વાત પ્રણયની પહેલા કરજે,
ફરિયાદોને પાછળ લખજે.
યાદ અહીં આંખોથી ટપકે,
ત્યાં ઘેરાયા વાદળ લખજે?
રોજ સજે શણગાર હજી તું?
એમાંય પેલું કાજળ લખજે.
મેં મધરાતે શમણે આવી,
ખખડાવી છે સાંકળ લખજે?

નિતેશ ટાંક 'નિત'.

પાથેય

રોમાંચક અવતરણ...!

જે માણસ લખે છે એ ચોક્કસ કશુંક ઝંખે છે..લેખનની આખી ઘટના જ રોમાંચક છે..ગામડાઓમાં બહુ વાતો કરતા માણસ માટે એવું કહેવાતું કે એ તો વાયરે વાતો કરે એવો છે..સર્જકો માટે પણ આપણે માનીએ એવું સીધુંસાદું ગણિત હોતું નથી..કાગળ ઉપર લખે એ જ કવિ હોય એવું જ હોતું નથી..કવિ હવામાં પણ આલેખન કરી શકે છે..અલબત્ત કાવ્ય પઠન કે મુશાયરાઓમાં એ જે વ્યકત કરે છે એની વાત જુદી છે પણ લખતાં પહેલાં એના મનમાં જે કલ્પનો ઉગે છે એ વાદળમાં ખેતી કરવા જેવાં હોય છે !આવી રીતનું આલેખન કવિ કહે છે એમ સાચવીને કરવું પડતું હોય છે..કવિ શબ્દને સાચવે છે..કવિતા કવિ સમેત તમામ ભાવકોને સાચવી લેતી હોય છે..

'લખવું એ કાન ફફડાવવા જેવી પ્રક્રિયા છે' આવી ઉકિતમાં શબ્દના રોમાંચક અવતરણ ની વાત છે.સર્જકની કેફિયત સાંભળવા આપણે સહુ આતુર રહીએ છીએ.કેવો હોય છે શબ્દ નો પ્રસવ ? સારૂં લખવા માટે એવું કહેવાય છે કે સામાન્ય લોકો ની જેમ વ્યક્ત કરો, અને ડાહ્યા માણસની જેમ વિચારો. .પરંતુ એમાં જયારે સંવેદના ભળે છે ત્યારે એ ખીલી ઉઠે છે..લેખન ની રેસિપી એટલે જ હંમેશા અકથ્ય હોય છે..'તમે કઇ રીતે લખો છો?' તમારી પ્રેરણામૂર્તિ કોણ?' જેવી તાલાવેલી અને કુતુહલ સર્જક ની ચોપાસ ઘુમરાતાં રહે છે.હકિકત માં કોઇકે કહયું છે એમ 'જાતમાં થી કંઇક જાતું હોય છે..આ બધું ત્યારે લખાતું હોય છે..' હું કેમ લખું છું એવો સ્વપ્રશ્ન પણ લખનાર ને કોરી ખાતો હોય છે એ કોના માટે લખે છે એ વિસ્મય છે એમ, કોના માટે નથી લખતો એ પણ ગોપનીયતા ના ગઢ સમાન છે! લખવું એ રોમાંચક જ નહીં રહસ્યમય ઘટના પણ છે !!

લખવા માટે એકાંત હોય ઓરડો હોય કે અજાયબ અટારી હોય એવા અસબાબ થકી જ લખી શકાય એવું હોતું નથી..કોઇ ભૌતિક ચીજના ઘડતર માટેનાં ઉપકરણો હોઇ શકે..કોઇ કૃતિ માટે ફકત અંદરનાં ઉર્મિ કિરણો જ પર્યાપ્ત હોય છે..લખવું જો ઉદ્યમ બની જાય તો એનાથી થાક લાગે..બંધિયાર વાતાવરણમાં લખવા માટે મથવું પડે..જો બહાર નિકળી મુકતમનથી શબ્દોને વહેવા દઇએ તો એની મજા અનોખી હોય છે..લેખન એ વ્યાપકતાનો વિષય છે આપણે જાણે કે અજાણે એને મર્યાદિત માહોલમાં જકડી રાખતા હોઈએ છીએ.

શબ્દોની સ્ફુરણા સાહજિક હોય તો જ એની સાર્થકતા..જેમ પૂછીને થાય નહીં પ્રેમ એવું કહેવાયું છે એમ જ આપણે કહી શકીએ કે પરાણે પ્રગટે એ નહીં શબ્દ! એ તો આપોઆપ આકાર પામે..છોડ ઉપર જે રીતે એક ડાળખી પ્રગટે છે એ પછી એમાંથી જ ક્રમશઃ બીજાં અંકુરણ ફૂટી અને નવી નવી ડાળખીઓ પ્રગટતી રહે છે એમ જ શબ્દો પણ એકબીજા સાથે કોઇ અજાણ્યા સંબંધોથી સંકળાયેલા હોય છે..શબ્દમાંથી શબ્દ તરફ જવાની આ ગતિ એક રોમાંચક સફર જ નહીં પણ એક અજાયબ મુકામ તરફ જવાનો આનંદ પણ બની જાય છે..

ખુશનુમા સવારની એક છાલ્લક..!

ચોમાસું આપણને ધરપત આપે છે..વરસાદનો વર્તારો એ આશાનો એકતારો બની જતો હોય છે..કાળઝાળ ઉનાળાની કારમી હતાશા પછી એકાદ વાદળનું ઉમટવું એ આપણી શ્રદ્ધાના વિજય સમું હોય છે..મેઘલી રાત માણસને વિહવળ કરી દેતી હોય છે..આપણા દિલમાં પડેલો ડૂમો વરસાદી ભીનાશથી ધીમે ધીમે ઓગળતો જાય છે..ડૂમો ઓગળવાની ઘટના માણસના ઉત્થાન માટેનો પ્રાકૃતિક પ્રબંધ છે..કામલપુર ગામમાં નળિયાવાળા ઘરમાં ભાગતી રાતે તાલબધ્ધ ચાલતી વર્ષારાણીનો મધુર રવ પરોઢિયે કલરવના વૈભવ સાથે ભીનું આલિંગન આપી જતો..અમારે ત્યાં ચોમાસાને "વરહાળો"' કહેવાય..જેમ ઉનાળો હોય એમ જ ! વરસાદને 'મે" કહેવાય..અને ખેતરે "મે આવ..મે આવ.." કહેતો મોરલો પણ જાણે લોકબોલીનો જાદૂગર જ લાગતો...!

ચોમાસું હવે ઓળઘોળ છે..આભ જયારે મન મૂકીને વરસે છે ત્યારે એમાં એક પ્રકારની પારમાર્થિકતા હોય છે..અત્યારે તો જાતજાતની 'સીસ્ટમ ' બને છે. અને વરસાદ કયાં પડશે એનો રૂટ પણ જાહેર કરી દેવામાં આવે છે..

પણ વરસાદનો ખરો રોમાંચ એના અકળ સ્વભાવમાં રહેલો છે...એનું આકલન એટલું સરળ નથી હોતું..મેહૂલો પોતાની રીતે ગરજે છે..વરસવું હોય તો જ વરસે છે..આગાહીની એસીતેસી કરી ઘણીવાર અણધાર્યા અંદાજથી ઘેરાઇ જતા મેઘ ની મજા ઔર હોય છે..ચોમાસું એક અનોખો અનુભવ છે..જે દરેક વખતે નૂતન રીતે પ્રગટે છે. અને એટલે જ અનુભવના માપદંડ માટે આપણે કહીએ છીએ "મેં ઘણાં ચોમાસાં જોયાં છે.." જેમાં આત્મવિશ્વાસ હોય છે.

આજકાલ અષાઢી માહોલ થકી સીમ કોલાહલમય છે..ખેતરોની હરિયાળી નીત નવા રંગ ધારણ કરતી જાય છે..અષાઢ એ ચોમાસાનો ઉઘાડ છે..પણ એની મજા એટલે શ્રાવણ...નીતરતો શ્રાવણ માણસને ભીતર સુધી લઇ જાય છે..આપણી ભાષાના કવિ શ્રી બાલમુકુંદ દવે સરસ લખે છે..

"આ શ્રાવણ નીતર્યો સરવડે કોઇ ઝીલો જી..
પેલાં રેલી ચાલ્યાં રૂપ હો કોઇ ઝીલો જી..."

નીતરતું આભ આપણને બારેય મેઘનો એહસાસ કરાવે છે..વરસાદી ફરફર એ આવા સમયે સામાન્ય હરફર જેવી હોય છે..ફોરાં એ પણ વર્ષાનો અલગ મિજાજ હોય છે..હિન્દીમાં બૌછાર જેવો અદ્ભૂત શબ્દ છે..જેનો ગુજરાતી જોડીદાર શબ્દ શોધવો હોય તો ત્રમઝટ કહી શકાય...એમાં લયનો સંકેત છે..વરસાદ કોઇપણ સ્વરૂપે વરસતો હોય એમાં એક રીધમ હોય છે...જે સમગ્ર પરિવેશને જીવંત બનાવે છે...એના એક સ્પર્શથી પ્રકૃતિનાં તમામ અંગો ઝળહળી ઉઠે છે...વરસાદ જોઇ સહુ કોઇ ભીના થાય પણ વરસાદ જોઇ ઉન્માદક અનુભૂતિ કરે એનું નામ કવિ..

જગતની તમામ ભાષાઓમાં કવિઓનાં સ્પંદન આ બાબતે એકસરખાં જ હોય છે...આપણે ત્યાં પણ વરસાદ ઉપર અનેક કવિઓ મન મૂકીને વરસ્યા છે..મણિલાલ હ.પટેલની એક રચના જુઓ..

"વાદળ પહેરી પહાડો ઉભા જળ પહેરીને ઝાડ..
દૂર મલકના જળ સંદેશા ઝીલ્યા કરતાં ઝાડ..
પછીત સુધી પાણી આવ્યાં ઉંબર સુધી ઘાસ
ઘર આખામાં ફરી વળી છે અંધકારની વાસ.."

આજના આકાશની શોભા અનેરી છે..વાદળીઓ જાણે ડિટરજન્ટ સાબુથી ધોઈ હોય એવી ઉજળી અને આકર્ષક બની આમતેમ ઉડી રહી છે...વહેલી સવારનો પવન આજે તાજગીના છડીદાર જેવો લાગી રહયો હતો..ચોમાસાનાં આંખમિચામણાં આમ તો એકાદ પખવાડિયાથી ચાલી રહયાં છે..એની સીધી અસર સવારના આખા અસબાબ ઉપર પડી રહી છે..ઝરમરથી ડરીને એકાદ બે દિવસ તો ચાલવાનું ટાળ્યું..પણ સહેજ ઉઘાડ અને એ પછીનો મલકાટ મોહી પડાય એવો છે..ચારેતરફ બધું થાળે પડી રહયું હોય એવો અનુભવ થઈ રહયો છે..મને આ "થાળે પડવા,"ની ઘટના માટે ભારે કુતુહલ છે..!

ખુલ્લી આ સડક પણ રોજરોજ કેટલાં રૂપ બદલે છે..હમણાં બે દિવસ પહેલાં જ ધોધમાર વરસાદ વચ્ચે પૂરપાટ જતી ગાડીના એકલખૂણે લપાઈને મેં એનો નજારો જોયો હતો..સાચું કહું તો મને બે ઘડી બહાર નિકળી ધોધમાર નાહી લેવાની તીવ્ર ઇચ્છા થઈ ગઈ હતી..પણ કમાલ છે પરિપકવતાની! કેવું લાગે હવે આટલી ઉંમરે કોઇપણ કારણવગર ભીંજાઈ જવાનું ? અને એ એક જ પ્રશ્ન ઉપર પૂર્ણવિરામ ફરી ગયું..વાઇપર્સ ઉપર સરકતા પાણીની જેમ..! આપણે તો આમ પણ એવું જ છે..ચોમાસે ચોમાસે કોરા ! એવું ઘણીવાર લાગે છે કે આ કોરાપણું ત્યજીને કોઇક ભીનાશના સાનિધ્યમાં થાળે પડી જવા જેવું હતું !

જીવન કોઈ વસવસાના ભરોંસે થોડું ચાલે છે ? આકાશનો આજનો મિજાજ જાણે બાર ખાંડીનો હતો..હું પણ આજે ચાલી લેવાના મૂડમાં જ હતો...પાટનગરની એ પહેલ છે કે ગમે તે રસ્તે તમે નીકળો લીલોતરી તમને મફત મળે ! હમણાં જ બાલ્યાવસ્થામાં જોયેલું સેવનનું એક ઝાડ આસપાસની ધરતીના સેવનને કારણે વટવૃક્ષ જેવું બની લ્હેરાઇ રહયું હતું..દાયકાઓથી રહું છું આ શહેરમાં પણ ગણ્યાંગાંઠયાં ઝાડ કે છોડ સિવાયનાં નામ સમ ખાવા પૂરતાં પણ જો આવડતાં હોય તો ! આવી તો ઘણી ઉણપ સાથે આપણે જીવતા હોઇએ છીએ એનું નામ જ કદાચ ઠરીઠામ થવું હશે ? આપણે અમુક બાબતો જાણતા હોઇએ કે અજાણ જીવન એની મેળે જ ઠરીઠામ થઈ જતું હોય છે !

સંવેદનનું સ્ટેટસ
રમેશ ઠક્કર

સાચું કહું તો મને મળસકાની મજા મોજીલો બનાવે છે..સ્વભાવે આમ જો કે મારી પ્રકૃતિ ધીરગંભીર છે..કોઇક વધારે નિર્મમ બનીને અતડો પણ કહે ! પરંતુ આવી કોઇ ઉઘાડ લેતી સવારે જો કોઈ મને ભેટી જાય તો એનું ભ્રમનિરસન ચોક્કસ થઈ જાય ! એમાં જો કોઇને દાદ દેવાની હોય તો ઉડતી આ વાદળીઓ અને બદલાતા એના રંગ અને આકારને જ આપી શકાય ! વર્ષાની હેલી વખતે એ બધું કયાં ગાયબ થઈ જતું હશે ?

અને ઘડીક જયાં પોરો ખાવાની પળ શરૂ થાય એટલે અવળસવળ લાગતી એકસામટી આ વાદળીઓ કેવી ક્રમબધ્ધ ગોઠવાઈ જતી હોય છે ! મોહક એની આ અદા આમ જોઇએ તો થાળે પડવાની રોમાંચક ઘટના જ છે ને ! આપણે સહુ જાણેઅજાણે કયારેક ને કયારેક પાછા મુળ સ્થિતિમાં તો આવીએ જ છીએને..ચાલવું ,દોડવું,બેસી જવું,ઘરમાં ભરાઇ જવું .ગાયબ થવું અને પાછા પ્રગટ થવું એ જ આમ તો જીવવાનો લય છે..હમણાંથી મારો કર્મ પણ બદલાયેલો હતો .એમાં પણ ઉઘાડબંધ થતા આકાશે તો લગભગ મને સ્થગિત કરી નાખ્યો હતો..ખુશનુમા સવારની એક છાલક જયાં ફરી વળી હું સડક ઉપર છવાઇ ગયો હતો! લાગે છે કે હું હવે ખરેખર થાળે પડી રહયો છું !

સાપ્તાહિક રાશિફળ (તા. ૦૧-૦૭-૨૩ થી ૦૭-૦૭-૨૩)

(૧) મેષ રાશિ : અ.લ.ઈ

આ સપ્તાહ આપના આરોગ્યને હાનિ ન થાય તેની કાળજી લેવી. આપની મહત્વાકાંક્ષાઓ વધવાની છે. જો કે સમય સાથ આપતો રહેશે. સર્વ પ્રકારે સુખ પ્રાપ્ત થાય સંતાન બાબતે વિદ્યા પ્રાપ્તિ અને લાભ પ્રાપ્ત થાય. આબરૂ વધે. માનસિક અશાંતિ રહે. ધંધા, અભ્યાસ ભાગીદારી થાય. પરદેશગમન થઈ શકે. મકાન વાહનના પ્રશ્નો ઉકલે. શેર સટ્ટામાં રોકાણ થઈ શકે. દામ્પત્ય જીવન સુખમય, સ્ત્રી માટે લાભો મળે. નોકરીયાત માટે શુભ સમય. વિદ્યાર્થી માટે સમય કઠીન છે. ગણેશ ઉપાસના કરવી.

(૨) વૃષભ રાશિ (બ, વ, ઉ)

આ સપ્તાહ આપની આર્થિક સ્થિતિમાં સુધાર આવશે. જો કે મકાન જમીન અંગેના મિલકતના કામમાં મુસીબત ઉભી થઈ શકે છે. કૌટુંબિક પ્રશ્નો પણ ઉભા થાય. અન્યના ભરોસે ધંધો ન કરવો. પરદેશગમન થાય. કુટુંબમાં વિખવાદ થાય. આકસ્મિક લાભ પ્રાપ્ત થઈ શકે. માંદગી વખતે કાળજી લેવી. સાંસારિક પ્રશ્નોનું સમાધાન થાય. સંતાનથી સુખાકારી વધે. દામ્પત્ય સુખાકારી વધે. વિદ્યાર્થીના પરદેશગમનના પ્રશ્ન અંગે નિર્ણય આવે. સફળતા મળે, નોકરીમાં સમય સાનુકૂળ રહેશે. અટકેલ કામ થાય. ગુરૂવંદના કરવી.

(૩) મિથુન (ક, છ, ઘ)

આ સપ્તાહ આર્થિક સુખાકારી સારી રહેશે. સામાજીક પ્રતિષ્ઠા વધે, વડિલ મિત્રોનો સહકાર રહે. નાણાંકીય બાબતે ખર્ચમાં વધારો થાય. ધંધામાં પ્રગતિ થાય. રાજકીય ક્ષેત્રમાં પણ સક્રીય બનો. કુટુંબના સભ્યના પરદેશગમનના પ્રશ્નો ઉકલી શકે. સ્થાનાંતર થાય. દામ્પત્યજીવનમાં મધુરતા આવે. પરાક્રમમાં વધારો થાય. જૂના પ્રશ્નોનો ઉકેલ આવતાં જલવંત સાહસમાં વધારો થાય. સોના-ચાંદી ખરીદી થઈ શકે. નોકરીયાત માટે સમય સાનુકૂળ છે. વિજય યોગ છે. વિદ્યાર્થી માટે પ્રાથમિક કક્ષાએ અભ્યાસ અંગેના કામ થાય. સરસ્વતીની ઉપાસના કરવી.

(૪) કર્ક રાશિ (ડ, હ)

આ સપ્તાહ આરોગ્ય સુખાકારી સારી રહે. ધંધાકીય બાબતે મુશ્કેલીઓ આવે. પ્રતિષ્ઠામાં હાનિ થાય. વિઘ્ન આવે. માનસિક શાંતિ હણાય. શુભકાર્ય થાય. કાર્યસિદ્ધિ પ્રાપ્ત થાય. ધંધા-વ્યવસાયે અડચણો આવે. જમીન, મકાનના પ્રશ્નો ઉકલે. નવા કામ થાય. દામ્પત્ય સુખ વધે. કુટુંબીજન સહકાર આપે. નોકરીમાં સમયાનુસાર વિચારીને નિર્ણય લેવો. વિદ્યાર્થી માટે ઉચ્ચ અભ્યાસમાં પ્રગતિજનક કાર્ય થાય. શિવ ઉપાસના કરવી.

(૫) સિંહ રાશિ (મ, ટ)

આ સપ્તાહ આપે માનસિક સંતુલન જાળવવું. મુસીબત આવે. વાદ-વિવાદથી મુક્ત રહેવું. ગુસ્સો આવે. મકાન, જમીનના કામો થાય. ધંધામાં તકલીફ આવે. પ્રતિષ્ઠામાં વધારો થાય તેમ કરવું. પરદેશગમનના કામ થાય. અશાંતિ રહ્યા કરે. લગ્નજીવન સામાન્ય. ભાગ્યોદયમાં હાનિ આવે. જાહેરહિતના કામો થાય. સંતાનના પ્રશ્નો ઉકલે. પરાક્રમમાં વધારો થાય. નોકરીયાત માટે સમય સાનુકૂળ રહે. વિદ્યાર્થીઓ માટે ઈચ્છિત ક્ષેત્રમાં એડમીશન મળે.

(૬) કન્યા રાશિ (પ, ઠ, ણ)

આ સપ્તાહ આપે માંદગીથી સાચવવું. નાણાંકીય દૃષ્ટિએ આવક વધે. ધંધાકીય કામમાં વિજય પ્રાપ્ત થાય. કુટુંબીજન પણ સહકાર આપે. જો કે પત્નિથી વિવાદ થાય. મુસીબતો આવે. ધાર્મિક યાત્રાઓ થાય. આપના શત્રુ હારે. પરદેશગમન થાય. પ્રતિસ્પર્ધામાં સફળતા મળે. દામ્પત્ય જીવનમાં પત્નિથી વિવાદ થાય. જમીન, મકાન અંગેના કામોમાં પ્રગતિ થાય. નોકરીયાત માટે અડચણ આવી શકે. બદલી પણ થાય. વિદ્યાર્થી માટે સકારાત્મક પરિણામ.

(૭) તુલા રાશિ (ર, ત)

આ સપ્તાહ આર્થિક દૃષ્ટિએ લાભ થાય. કુટુંબમાં પણ આનંદ પ્રાપ્ત થાય. વિજય પ્રાપ્ત થાય. આવકમાં વધારો થાય. ભાઈભાંડુથી સહકાર મળે. સ્પર્ધામાં સફળતા મળે. શેર સટ્ટામાં રોકાણ ન કરવુ. કોર્ટ કચેરી યોગ થાય. લગ્નજીવનના પ્રશ્નો ઉભા થાય. બીન વિચ્છેદના પ્રશ્નો ઉકલે. આવકમાં પછીથી ઘટાડો જણાય. જીવનસાથીથી ગેરસમજ ઉભી ન થાય તે જોવું. વિદ્યાભ્યાસમાં પણ મુસીબત આવે. નકારાત્મક વિચાર છોડવા. નોકરીયાત માટે અચાનક લાભ મળે.

(૮) વૃશ્ચિક રાશિ (ન, ય)

આ સપ્તાહ આપને માટે વિલંબીત કાર્યનો ઉકેલ આવે. સિદ્ધિ મળે. રાજયોગ થતો હોઈ કાર્ય સફળતા મળે. હરિફોથી વિજય મળે. સમય સાચવીને ચાલવા જેવો છે. આવકમાં ઘટાડો થાય. સિદ્ધિ મળે હરિફાઈમાં વિજય મળે. માતાની તબિયતની કાળજી લેવી. જમીન, મકાન અંગેના પ્રશ્નો આ સમયમાં ફરી લાભ થાય. કાર્યોમાં મુસીબત. દામ્પત્યુજીવન સુખમય. ધંધામાં ધીમી ગતિથી પ્રગતિ જણાય. નોકરીયાત માટે પ્રમોશન-લાભ મળે. વિદ્યાર્થી માટે સમય સાનુકૂળ રહેશે.

જ્યોતિષાચાર્ય
વિષ્ણુભાઈ વૈષ્ણવ

(૯) ધન રાશિ (ભ, ધ, ફ, છ)

આ અઠવાડિયુ આપને આર્થિક દૃષ્ટિએ સમય સાનુકૂળ નથી. કૌટુંબિક પ્રશ્નો ઉભા થાય. ભાઈ બહેનથી લાભ, કાર્યસિદ્ધ થાય. ભાગ્યહાનિ થાય. ધંધામાં નુકશાન ન થાય તે જોવું. ગર્ભવતી મહિલા માટે સમય સાચવવા જેવો. ધંધામાં યથાવત સ્થિતિ રાખવી. જમીન, મકાન બાબતે લાભ પ્રાપ્તિનો સમય છે. સ્ત્રી માટે સમય અનુકૂળ રહે. મનોકામના પૂર્ણ થાય. નોકરીયાત માટે પ્રમોશન મળે. વિદ્યાર્થી માટે ઉચ્ચ અભ્યાસના દ્વાર ખુલે.

(૧૦) મકર રાશિ (ખ, જ)

આ સપ્તાહ નાણાંકીય આવકના પ્રશ્નો ઉભા થાય. આવક મર્યાદા સિમિત થઈ જાય. જોકે આકસ્મિક લાભ થાય. સ્થાવર મિલકતમાં નુકશાન થાય. ધંધા વ્યવસાયમાં વિચારીને આગળ વધવુ. મકાન, જમીન સોદા ન કરવા. દામ્પત્ય સુખાકારી સારી. માંદગીમાં કાળજી લેવી. કૌટુંબીક વિવાદ ઉભા થાય. પ્રતિષ્ઠા વધે. પ્રવાસ થાય. નોકરીમાં હકારાત્મક વલણ રાખવુ.

(૧૧) કુંભ રાશિ (ગ, શ, ષ, સ)

આ સપ્તાહ આપ સક્રીય રહેશો, તકનો લાભ લઈ શકશો. સારા સ્વાસ્થ્ય માટે કસરત કરશો. વ્યવસાય-ધંધામાં પ્રગતિકારક સમય છે. ઋણ લઈને પણ આગળ વધી શકો. મકાન, વાહનની નવી ખરીદી કરી શકો. આર્થિક સ્થિતિ સંતુલિત રહેશે. પરિવારમાં પ્રતિષ્ઠા મળશે. દામ્પત્યજીવન સુખાકારી વધે. નાની યાત્રાઓ થાય. ફેશનના વ્યવસાય માટે શુભ સમય છે. તકો મળશે. સંતાનના પ્રશ્નો ઉકલે. અકસ્માતથી બચવુ. સાવચેત રહેવું. વિદ્યાર્થીઓ માટે સમય કઠીન છે. વધુ મહેનત કરવી. શનિવારે દાન કરવું. નોકરીમાં લાભ થાય.

(૧૨) મીન રાશિ (દ, ચ, ઝ, થ)

આ સપ્તાહ ગંભીર બિમારી ચાલુ હોય તો વધુ કાળજી લેશો. સ્વાસ્થ્ય સુધરશે. નાણાંકીય સ્રોતમાં ભરતી આવે. તમારી વધુ સુખ-સગવડતા મેળવવાની આશા પૂર્ણ થાય. પરંતુ આરામ હરામ હૈ નું સૂત્ર ધ્યાને રાખવું. સમય સાથ આપશે. જમીન, મકાન ખરીદી થાય. વાહન માટે સમય યોગ્ય નથી. વ્યવસાયમાં પ્રગતિ જણાય. નોકરીમાં પદોન્નતિ થાય. સમાજમાં પ્રતિષ્ઠા વધે. પરિવારનો સહકાર મળે. શૈક્ષણિકક્ષેત્રે આ સમયમાં વધુ મહેનત કરવી. ઉચ્ચ શિક્ષણે કામ થાય. જીવનસાથીની મદદ લેવી જે પ્રગતિજનક અને ફળદાયી પરિણામે. નોકરીમાં લાભ.

મો.૯૮૨૪૬૪૭૪૩૫

આ સપ્તાહના તહેવાર - પંચાગ

તા. ૧-૭-૨૩ - શનિ પ્રદોષ
જયા પાર્વતી વ્રત પ્રારંભ
૩-૭-૨૩ - સોમવાર, ગુરૂ પૂર્ણિમા
૫-૭-૨૩ - જયા પાર્વતી વ્રત સમાપ્ત
૬-૭-૨૩ - સંકષ્ટ ચતુર્થી

ગુરુનો મહિમા તો સૂરજને દીપક બતાવવા સમાન છે

ગુરુને આપણા સંતો, ઋષિઓ અને મહાન વિભૂતીએ ઉચ્ચ સ્થાને બેસાડ્યા છે. તેમનો પાર પામી શકાતો નથી, તે અકળ છે. તે અખૂટ વિસ્મયનો વિષય છે. લોકભજનની પરંપરામાં પણ ગુરુનું મહત્વ ઘણું છે. એટલે જ ગવાયું છે કે:

' ગુરુ ! તારો પાર ન પા...યો, પ્રથમીના માલિક ! તારો પાર ન પાયો.' અને ભાણ સાહેબે ગુરુનો મહિમા ગાતાં કીધું છે કે:

' સતગુરુ મળિયા સેજમાં, જેણે સતનો શબદ સુનાયો,
ચોરાસીનો રાહ ચુકાવી, અખંડ ધામ ઓળખાયો. '

ચારણ મહાત્મા ઈશરદાસ પર ગુરુ પીતામ્બરની અસિમ કૃપા હતી અને તેમણે હરિરસ રચ્યો. તેની શરૂઆતમાં ગુરૂદેવની સ્તુતિ કરતાં લખ્યું છે કે:

' લાગા હૂં પહેલા લળું, પીતામ્બર ગુરૂ પાય;
ભેદ મહારસ ભાગવત, પાયો જેણ પસાય.'

(અર્થાત જેની કૃપારૂપી પ્રસાદથી શ્રીમદભાગવતનો ભેદ હું પામી શક્યો તેવા પરમ પૂજ્ય ગુરૂવર્ય શ્રી પિતામ્બરદાસજીને સૌથી પહેલા વંદન કરું છું.).

કબીરે ગુરુનો અર્થ સમજાવતી સાખી કિધી છે:

'ગુ અંધિયારી જાનિયે , રુ કહિયે પરકાસ;
મિટે જ્ઞાન તમ જ્ઞાન તે, ગુરુ નામ હૈ તાસ. '

('ગુ' શબ્દનો અર્થ અંધકાર-અવિધ્યા છે અને 'રુ' શબ્દનો અર્થ પ્રકાશ છે. જે જ્ઞાનનો પ્રકાશ આપે અને ભ્રમ અને અંધકારને મિટાવે તે સાચા ગુરુ છે.)

ગાંધીજી તેમના આધ્યાત્મિક ગુરુ શ્રીમદ રાજચંદ્ર વિશે કહેતા હતા કે : આ એવા માણસ હતા કે જેમણે ધાર્મિક બાબતોમાં મારા હૃદયને પ્રભાવિત કર્યું છે... તેઓ શ્રીમદ રાજચંદ્ર પાસેથી જુદા જુદા ધર્મના લોકોને નફરત કર્યા વિના આદર કરતા શીખ્યા હતા. કબિરજીની સાખીઓમાં ગુરુને વિશેષ મહત્વ આપવામાં આવેલ છે :

'ગુરુ બિન કૌન બતાવે બાટ ? બડા વિકટ યમઘાટ,
ભ્રાંતિકી પહાડી, નદિયાં બિચ મેં અહંકારકી લાટ,'

ઉજળો વારસો
સતીષ ચારણ
sscharan_aaa@yahoo.co.in

મનુષ્ય જ હંમેશા મનુષ્યનો ગુરુ બનતો નથી. તે ભગવાનને પણ પોતાના ગુરુ બનાવે છે અને તેમણે ચીંધેલ રાહ ઉપર ચાલે છે. દેવાયત પંડિત જેવા સંતે ' ધણી ' (પ્રભુ)ને ગુરુપદે સ્થાપેલ. અને તેથી જ ગવાયું છે કે: ' શિવજીનો ચેલો દેવાયત બોલિયા રે જી'. રવિ સાહેબે તો ' હરિ વિના કોઇ સદગુરુ નથી ' તેમ કહ્યું છે. સ્વામી વિવેકાનંદને બાળપણથી જ પરમાત્મા પ્રત્યે લગાવા અને તેને પામવાની ઈચ્છા હતી. જે ત્યારે જ પૂર્ણ થઇ જ્યારે તેમને પરમહંસના જેવા ગુરુના આશિર્વાદ મળ્યા. છત્રપતિ શિવાજી ઉપર ગુરુ રામદાસનો પ્રભાવ હંમેશા રહ્યો. ગુરુકૃપાથી તેઓ રાષ્ટ્રની ધારાને બદલી શક્યા.

ગુજરાતમાં ' ગોદડીયા બાપુ 'ના નામથી પ્રખ્યાત એવા ચારણ સંતશ્રી પ્રેમદાસ ગોદડીયા સમર્થ રામબાપાને પોતાના ગુરૂ બનાવવા માટે એક શિષ્યમાં હોય તેવી લાયકાત કેળવવા ગુરુને આત્મસમર્પિત શિષ્યહૃદયે તેર વર્ષ સુધી એકલવ્યની જેમ ગુરૂ સમર્થ રામબાપાને પોતાના ગુરુ માની સેવા પરાયણ કરી. આ વાતની સમર્થ રામબાપાને ખબર પડતાં પોતે સામેથી આવી સંતશ્રી પ્રેમદાસને ગોદડીમૈયા અર્પણ કરી અને તે આવડદાનમાંથી સમર્થ પ્રેમદાસ ગોદડીયા બન્યા. આ જ સમર્થ પ્રેમદાસ ગોદડિયાના માધ્યમથી પૂર્વાશ્રમના શક્તિદાનને સરધારના ગુરુ હરિહરાનંદજી મળ્યા અને ગુરુ કૃપાથી તેમનો દુનિયાને જોવાનો નજરિયો જ બદલાઇ ગયો અને તેઓ પ્રખ્યાત ભજનિક નારાયણ સ્વામી તરીકે ઓળખાયા. આમ, ગુરુ અને શિષ્ય વચ્ચેનો સંબંધ એ બંને આત્માઓનો નિગૂઢ મર્મસંબંધ, આત્મસમર્પણ છે. અને તો જ દિવાથી દિવો પ્રગટે, આધ્યાત્મિક આનંદની અનુભૂતિ થાય છે. એટલે ધના ભગતે ગુરુનો મહિમા ભજનમાં ગાયો કે :

' હરિ ગુરુ સંતની હે જેને કિરપાયું થાય; દાસ ધનો કે : હીરે હીરો વીંધાય રે...'

માનવમાં રહેલ બુરાઇઓને રૂપી વિષ દુર કરવામાં ગુરુનું વિષેશ યોગદાન છે. અને તે માટે એક સાખી ગવાય છે.:

સતગુરુ મેરે ગારુડી, કીધી મુજ પર મે'ર;
મોરો દીનો મરમરો, ઉતર ગયા સબ ઝેર.

સંત કબીરે તો ગુરુનો મહિમા તો સુરજને દીપક બતાવવા સમાન ગણાવ્યો છે. તેઓ એક દોહામાં લખે છે કે:

'યહ તન વિષ કી બેલરી, ગુરુ અમૃત કી ખાન;
શીશ દિયો જો ગુરૂ મિલે, તો ભી સસ્તા જાન. '

શીખ ધર્મમાં એક જ ઈશ્વર અને દસ ગુરુઓની વાણીને જ જીવનનું વાસ્તવિક સત્ય માનવામાં આવે છે. જેને ગુરુ ન હોય તેને નુગરા કહેવામાં આવે છે.

ગગન મંડલ કે બીચ મેં, તહવાઁ ઝલકે નૂર; નિગુરા
મહલ ન પાવઇ, પહુઁચેગા ગુરુ પૂર.

(સર્વેના હૃદય રૂપી ગગન મંડલમાં અવિનાશી પરમદેવનો પ્રકાશ ઝળકી રહ્યો છે. પણ તેના દર્શન નુગરા પામી શકતા નથી.)